મહત્તમ : ૩૫.૫ ડીગ્રી
લઘુતમ : ૧૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૧ ટકા ● સાંજે ૨૪

ગાંધીનગર તાપમાન

# સંસ્કૃતિ કુંજના વસંતોત્સવમાં ૩૦૦થી વધુ સ્ટોલ







ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર સંસ્કૃતિ કુંજ ખાતે વસંતોત્સવ-૨૦૧૭ નું વિધાનસભાના અધ્યક્ષ શ્રી રમણલાલ વોરા, રમતગમત યુવા સાંસ્કૃતિક રાજય મંત્રી શ્રી રાજેન્દ્ર ત્રિવેદી, મહિલા બાળ વિકાસ રાજયમંત્રી શ્રીમતી નિર્મલાબેન વાધવાણી, વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી શંભુજી ઠાકોરના હસ્તે દીપ પ્રગટાવી ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

વિધાનસભાના અધ્યક્ષ શ્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે છેલ્લા બે દાયકાથી ગાંધીનગરમાં રાજય સરકાર વસંતોત્સવનો કાર્યક્રમ ઉજવે છે. દેશના વિવિધ રાજયોના કલાકારો પોતાની ઉત્તમ કલાકૃતિઓ રજૂ કરે છે. ગાંધીનગરના પ્રજાજનોને દસ દિવસ સુધી રાજય અને દેશના અન્ય રાજયોની લોક સંસ્કૃતિ માણવાનો અનેરો અવસર મળે છે.

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના રાજયમંત્રી શ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યું હતું કે પ્રકૃતિના ખોળામાં બેસીને કલાકારોને માણવાનો આ અનેરો કાર્યક્રમ છે. આ કાર્યક્રમમાં ૩૦૦ થી વધુ સ્ટોલમાં વિવિધ કલાત્મક ચીજવસ્તુઓ અને હસ્તકલાની અદભૂત આકર્ષક સુશોભનની વસ્તુઓ ખરીદવા લોકો પ્રેરાય છે. ગુજરાતની લોકસંસ્કૃતિ વર્ણવવાનો આ અનેરો અવસર છે.

આ પ્રસંગે મહાનુભાવોએ માહિતી નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા યોજાયેલ પ્રદર્શનની મુલાકાત લીધી હતી. વિધાનસભાના અધ્યક્ષ શ્રી રમણલાલ વોરા, મંત્રી શ્રી રાજેન્દ્ર ત્રિવેદી અને ગાંધીનગરના મેયર શ્રી પ્રવીણ પટેલનું જિલ્લા માહિતી કચેરી ગાંધીનગરના નાયબ માહિતી નિયામક શ્રી નરેશભાઈ ચૌધરીએ સ્વાગત કરી માહિતી ખાતા દ્વારા યોજાયેલ પ્રદર્શનની જાણકારી આપી હતી. વસંતોત્સવ-૨૦૧૭ના લોકનૃત્યનો પ્રારંભ ભાવનગરના મૂકબધિર બાળકોએ કૃષ્ણલીલાનો કાર્યક્રમ કરીને લોકોને આકર્ષી લીધા હતા. કાર્યક્રમમાં આસામનું બીહુ નૃત્ય, લડાખનું ઝેબ્રો, મણીપુરનું પુંગ ઢોલ, રાજસ્થાનનું ભપંગ વાહન, મહારાષ્ટ્રનું લાવણી, ગોવાનું દખણી સહિત વિવિધ નૃત્યોએ આકર્ષણ જમાવ્યું હતું.

આ વસંતોત્સવ કાર્યક્રમમાં યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ ગાંધીનગરના કમિશનર શ્રી એમ.વાય. દક્ષિણી, જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલ, સચિવશ્રી વી.પી.પટેલ, એસ.એ.જી.ના ડાયરેકટર શ્રી સંદીપ પ્રધાન સહિત વિશાળ સંખ્યામાં ગાંધીનગરના પ્રજાજનોએ વસંતોત્સવના કાર્યક્રમને માણ્યો હતો. વસંતોત્સવનો આ કાર્યક્રમ તા.૮-૩-૧૭ સુધી સાંજે ૭-૦૦ થી ૯-૦૦ કલાક સુધી યોજાશે.

## આઈ લવ માય ગાંધીનગર



**ખેમાભાઈ રામાભાઈ પરમાર**

**ગાંધીનગર ગમે**

હરિયાળું અને રળિયામણું તથા ઉચ્ચ શિક્ષણની સુવિધાવાળું નગર મને ખૂબ ગમે છે. હોવાને કારણે જ બહારના લોકો પોતાનાં સંતાનોને ભણાવવા માટે મકાન ભાડે રાખીને પણ રહે છે.

**નગરજનો**

શિક્ષિતોનું નગર હોવાથી અહીં વસવાટ કરનાર લોકો બુદ્ધિશાળી, માયાળુ, પરોપકારી તથા પોઝીટીવ વિચારસરણી ધરાવતા, શાંત પ્રકૃતિના હોઈ નગરજનો ખૂબ વિકાસ થયો છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

અહીં સેવાભાવી સંસ્થાઓ ખૂબ જ લોકોપયોગી કામગીરી બજાવે છે. ઍનઆઈઍફટી, કડી વિશ્વ વિદ્યાલય, પૅટ્રોલિયમ યુનિવર્સિટી જેવી શૈક્ષણિક સંસ્થાઓ વિશ્વક્ષેત્રે નામના ધરાવે છે. વળી, સૅક્ટર-૧૧ તથા સૅક્ટર-૬ના મેદાનમાં નવરાત્રિમાં નવલા નોરતાની નવ દિવસની રમઝટ અલૌકિક આનંદ આપે છે.

**નગરને બહેતર બનાવવા**

શિક્ષિતોનું નગર હોઈ સુંદર, સ્વચ્છ અને રળિયામણું છે જ. પરંતુ જો ધારાસભ્યો, કોર્પોરેટર્સને જે સરકાર તરફથી વિકાસ માટે ફાળવવામાં આવે છે તે ગ્રાન્ટમાંથી બે-ચાર હૉસ્ટેલ બનાવવામાં આવે તો બહારગામ-શહેરના ભણવા માટે આવતા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને ઘણી જ રાહત રહે. વળી શહેરના ભાડાથી ૫૦ ટકા જ ભાડું રાખવામાં આવે.

**નગર માટે હું કરી શકું**

સરકારશ્રીની સેવામાંથી નિવૃત્ત થયેલ હોઈ હવે હું કલમ ચલાવું છું તેથી નગરના આમ આદમી કે અન્ય કોઈને પણ કોઈપણ જાતની સમસ્યા હોય તો હું મારો અભિપ્રાય આપી, કોઈનું જીવન નંદવાતું હોય તો જીવન હર્યુંભર્યું બનાવી શકું તો પૃથ્વી પર મારો લીધેલ માનવ અવતાર સફળ ગણીશ.

# બુટલેગરોએ દારૂની હેરાફેરી માટે ગાડીમાં નવા ખાના બનાવ્યા

**ચિલોડા સર્કલથી પકડાયેલી કવોલીસ ગાડીમાંથી દારૂની બોટલો સંતાડવાના ખાના મળ્યા : આર.આર. સેલે રૂ. ૨.૬૨ લાખનો મુદામાલ જપ્ત કર્યો**



ગાંધીનગર, તા.૨૮

વિદેશી દારૂ-બિયરની હેરાફેરી દરમિયાન કોઈ સ્થળે પોલીસ ચેકીંગ ચાલતુ હોય તો તે વખતે પકડાઈ ન જવાય તે માટે નવી મોડસ ઓપરેન્ડી બુટલેગરોએ શોધી કાઢી છે. જે વાહનમાં હેરાફેરી કરવાની હોય તે ગાડીમાં ચોર ખાના બનાવી દેવામાં આવે છે. અને આ ખાનામાં દારૂ સંતાડી હેરાફેરી થઈ રહી છે. આવી જ એક મોડસ ઓપરેન્ડી સાથે હેરાફેરી કરતી કવોલીસ ગાડી ગઈ કાલે ચિલોડા સર્કલ પાસેથી આર.આર. સેલની ટીમે પકડી પાડી હતી. રૂ. ૨.૬૨ લાખના મુદ્દામાલ સાથે બે શખ્સોની ધરપકડ કરી ઊંડી પુછતાછ શરુ કરવામાં આવી છે.

ગાંધીનગર રેન્જ આઈજીપી આર.બી. બ્રહ્મભટ્ટની સુચનાથી તેમની આર.આર. સેલની ટીમના પીએસઆઈ કે.ડી. બારોટ તથા ટીમે દારૂની હેરાફેરી પર સઘન વોચ રાખી પોતાના બાતમીદારો સક્રીય કર્યા છે. ગઈ કાલે આરઆરસેલની ટીમ ચિલોડા તરફ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન પીએસઆઈ બારોટને બાતમી મળી હતી કે રાજસ્થાનથી એક સફેદ કવોલીસ નં. આર.જે. ૨૭ ટી ૨૫૯૪ નીકળી છે અને તેમાં દારૂ ભરેલો છે. આ કવોલીસની વોચ ગોઠવીને ચિલોડા સર્કલ પાસેથી પકડી પાડી તપાસ કરતાં સ્પેશિયલ દારૂ સંતાડાતા ખાનામાંથી ૧૫૬ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. ટીમે રૂ. ૬૨,૪૦૦નો દારૂ તથા ગાડી મળી કુલ રૂ. ૨,૬૨,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરી રાજસ્થાનના ગજેન્દ્ર ચંદ્રભાણ ઝાલા અને ભવર ભેરૂ પઢીયારની ધરપકડ કરી પુછપરછ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં આ માલ રાજસ્થાનથી રણજીત નામના શખ્સે ભરી આપેલો અને અમદાવાદ રીંગ રોડ ઉપર એક માણસ મળશે તેને આપવાનો હોવાનું પકડાયેલા શખ્સોએ જણાવતા તે દિશામાં તપાસ શરુ કરી છે.



ગાંધીનગર સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ અંતર્ગત 'પ્લાઝમા ટેકનોલોજીની ઉપયોગિતા' વિષયે વકતવ્ય યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિજ્ઞાનના વિવિધ પ્રયોગોનું નિદર્શન પણ યોજવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અગાઉ યોજાયેલ નિબંધ સ્પર્ધાના વિજેતાઓને સન્માનવામાં આવ્યા હતાં.

# આર.એન. લલિતકલા એકેડેમીનો વાર્ષિકોત્સવ 'સાધના-૨૦૧૭' ઉજવાયો



ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના કડી સર્વ વિદ્યાલય સંકુલની આર.એન. લલિતકલા એકેડેમીનો વાર્ષિકોત્સવ 'સાધના-૨૦૧૭' તા. ૨૬મી ફેબ્રુઆરી રવિવારે યોજાયો હતો. આ વાર્ષિકોત્સવ સંકુલના ખિમજી વિશરામ હોલ ખાતે યોજાયો હતો. જેમાં ૧૬ કૃતિઓની રજુઆત કરાઈ હતી. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સાધના ૨૦૧૭નું ઉદઘાટન ગુજરાત રાજય લલિતકલા અકાદમીના પૂર્વ સચિવ રમેશભાઈ પરમારના હસ્તે કરાયુ હતું. આ પ્રસંગે કડી સર્વ વિદ્યાલય સંકુલની ફેકલ્ટી ઓફ એજયુકેશનના ડીન ડૉ.વીણાબેન પટેલ, એમ.બી. પટેલ કન્યા પ્રા. શાળાના આચાર્યા નીરુબેન પટેલ, જે.બી. પટેલ કુમાર પ્રા. શાળાના આચાર્યા નીવાબેન પટેલ, આર.જી. કન્યા શાળાના આચાર્યા સુધાબેન પટેલ તથા એમ.બી. પટેલ ઈંગ્લિશ મિડીયમના પ્રિન્સિપાલ અર્પિતભાઈ ક્રિશ્ચિયન ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં સંસ્થાના વિવિધ તાલીમ વિભાગોની વિવિધ કૃતિઓ કથ્થક, ભરતનાટયમ, કરાટે, વેસ્ટર્ન ડાન્સ, લોકનૃત્ય, બેબી ડાન્સ, શાસ્ત્રીય ગાયન વાદન સહિત ૧૬ કૃતિઓ રજુ કરાઈ હતી.

આ કાર્યક્રમ માટે સંસ્થાના સંચાલિકા દિનાબેન ડોડીયાના માર્ગદર્શન અંતર્ગત કથ્થક માટે રોશની બ્રહ્મભટ્ટ, ભરતનાટયમ માટે શકુંતલા ઓઝા અને દિવ્યા પંડયા, શાસ્ત્રીય ગાયન માટે જિગ્નેશ શુકલા તથા સૌરભ પટેલ, વેસ્ટર્ન ડાન્સ જયદિપ ઉપલા, આશિષ વસાવા અને ડાયના ગજ્જર, સ્કેટીંગ માટે વિનય બોડાત અને કરાટે માટે સેલ્વાકુમાર સેનસાઈએ તાલીમાર્થી કલાકારોને તાલીમ આપી હતી.

# દવાનો ડોઝ વધુ પીવાઈ જતા દર્દીનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર નજીક બોરીજ ગામમાં રહેતો ૪૨ વર્ષય યુવાન અતુલસિંહ ભીખાજી રાઠોડ રીક્ષા ડ્રાઈવર હતો. તેને ચારેક વર્ષથી માનસિક બિમારીની દવાઓ ચાલતી હતી. બે દિવસ અગાઉ રાત્રે અચાનક તેને તાવ આવ્યો અને વધુ બિમાર થઈ ગયો હતો. બિમારીની દવાનો ડૉઝ પણ વધારે લેવાઈ ગયો હતો. તબિયત વધુ લથડતા તેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ ખસેડવામાં આવ્યો હતો. ગઈ મોડી રાત્રે અતુલસિંહનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું. સે-૨૧ પોલીસ મથકના જમાદાર વાસુભાઈએ ગુનો દાખલ કરીને વધુ તપાસ શરુ કરી છે.

## @ગાંધીનગર

● રંજનબેન બ્રહ્મભટ્ટ દ્વારા આનંદનો ગરબો પંચદેવ મંદિર, સે-૨૨ ખાતે બપોરે ૧૨ થી સાંજના ૬ કલાક સુધી યોજાશે.

● ગાયત્રી મંદિર ખાતે સવારે ૭.૦૦ થી ૮.૧૫ કલાક દરમિયાન નિ:શુલ્ક યોગ ધ્યાન શિબિર યોજાશે.

● નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ દ્વારા બલરામ ભવન સે-૧૨ ખાતે સાંજે ૫ થી ૬ કલાક દરમિયાન નિ:શુલ્ક મહિલા યોગ શિબિર યોજાશે.

● વંદે માતરમ પરિવાર દ્વારા આનંદનો ગરબો હરસિધ્ધ માતાના મંદિર લાડોલ ખાતે બપોરે ૩.૩૦ થી ૫.૩૦ દરમિયાન યોજાશે.

# ઓપરેશનમાં રાહત મેળવવા હોસ્પિટલના સત્તાધિશો પાસે દર્દીઓના આંટાફેરા

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોગી કલ્યાણ સમિતી દ્વારા વિવિધ ટેસ્ટના સામાન્ય ફી તંત્ર દ્વારા નિયત કરેલી હોય તે લેવામાં આવે છે. આ ફી માંથી રોજની જેટલી આવક થાય છે. તેટલી આવકના ઈમ્પ્લાન્ટ સાધનો ફી કરાવવા માટે દર્દીઓ સિવિલ સતાધિશો પાસે આવે છે. આખરે બીપીએલ, મા અમૃતમ કે અન્ય યોજનનાના કાર્ડ ન હોય અને ગરીબીમાં જીવન ગુજારતા હોય તેવા દર્દીઓ ઓર્થોપેડીક વિભાગના ઓપરેશનના ઈમ્પ્લાન્ટના સાધનો વિના મુલ્યે મળી રહે તે માટે આવે છે. પરંતુ આરકેએસની જેટલી આવક જેટલા દર્દીઓ રોજ આવતા હોવાથી હોસ્પિટલ તંત્ર પણ મુંઝવણમાં મુકાયું છે.

હોસ્પિટલમાં આરકેએસની રોજની જેટલી આવક છે. તેટલા જ રૂપીયાના ઈમ્પ્લાન્ટના સાધનો નિશુલ્ક કરાવવા માટે ઓર્થોપેડીક વિભાગના દર્દીઓ સતાધિશો પાસે



આવે છે. ગરીબ દર્દીઓ હોવાથી સત્તાધિશો પણ ના છુટકે ઈમ્પ્લાન્ટના સાધનો ફી કરી આપવાની નોબત ઉભી થાય છે.

રોજના કેટલાય ઓર્થોપેડીક વિભાગના દર્દીઓ ઈમ્પ્લાન્ટમાં રાહત મળી રહે તે માટે આવે છે. રોજના જેટલા દર્દીઓ રાહત આપવામાં આવે છે તેટલી આવક રોગી કલ્યાણ સમિતીની છે. ત્યારે માત્ર આરકેએસની કમાણીનો મોટાભાગનો હિસ્તો ઓર્થોપેડીકમાં જ રાહત આપવામાં આવે છે. અત્યાર સુધી દર્દીઓ કયાં જતા હતા. તે પણ પ્રશ્ન સિવિલ સત્તાધિશોના મનમાં ગુમરાયા કરે છે.પરંતુ રોજ આવી પરિસ્થિતિ રહેશે તો ચોક્કસ આરકેએસની બેલેન્સ પણ તળીએ આવી જાય તો નવાઈ નહી.

## વાતવાતમાં

● ગાંધીનગરમાં સીસીટીવી કેમેરા દ્વારા ટ્રાફિકના નિયમોના ભંગ બદલ આપવામાં આવતા ઈ-મેમો અંતર્ગત અનેક વાહનચાલકોને ગત વર્ષના ઓગષ્ટ-સપ્ટેમ્બર માસના ઈ-મેમો અત્યારે મળતા વાહનચાલકો રોષે ભરાયા છે. શરૂઆતના ઈ-મેમો સમયસર ના મળવાના કારણે વાહનચાલકોને વધુ રકમના ઈ-મેમો ભરવાની પરિસ્થિતિ પેદા થતા ઈ-મેમો સમયસર મળે તેવી વ્યવસ્થા ગોઠવવા માંગ પ્રબળ બની છે.

● સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતેથી શંકાસ્પદ વિસ્ફોટકો મળી આવવાની ઘટનાના પગલે પોલીસતંત્ર સાબદુ થઈ જવા પામ્યુ છે. પોલીસ દ્વારા ગાંધીનગર જિલ્લાના સુવિખ્યાત ધાર્મિક સ્થળોની ચકાસણી હાથ ધરી સુરક્ષા વ્યવસ્થા વધુ સઘન બનાવવાના પગલાં લેવા તજવીજ કરવા માંડી છે.

● શહેરમાં લગ્નસરાની મૌસમ પુરબહારમાં ખિલી ઉઠી છે. આ કારણે શહેરની તમામ લગ્નવાડીઓ તથા ખાનગી પાર્ટીપ્લોટ 'હાઉસફુલ' જોવા મળી રહ્યાં છે.

# મગોડીનો રાહેલબા વૃધ્ધાશ્રમ વડીલોની વ્હારે

**હાલ સંસ્થામાં ૪૦ વરિષ્ઠજનોની સુશ્રુષા થઈ રહી છે : વૃંદાવન સમી આ સંસ્થામાં વડીલોને સ્વર્ગની અનુભૂતિ**

ગાંધીનગર, તા.૨૮

આજના યુવાનો ભૌતિક સુખ સુવિધામાં એટલા મગ્ન બન્યા છે કે પોતાના પાલક મા-બાપની દેખરેખ રાખવી પડે તે તેમના માટે આકરું બને છે. પોતાના સંતાનોની ખુશી માટે માલ મિલ્કત સહિત તમામ ન્યોછાવર કરી દેનાર માબાપને વૃધ્ધાવસ્થામાં વૃધ્ધાશ્રમનો આશરો લેવો પડે છે છતાં પણ ગાંધીનગર નજીકના મગોડી ગામમાં આવેલ વૃધ્ધાશ્રમ આ વરિષ્ઠજનો માટે સંતાનો કરતા શ્રેષ્ઠ બની રહ્યો છે. વૃંદાવન સમા આ વૃધ્ધાશ્રમમાં વડીલોને સ્વર્ગની અનુભૂતિ થઈ રહી છે. જેમાં આ વરિષ્ઠજનોને તમામ સુખ-સુવિધા પુરી પડાઈ રહી છે અને તેમની આ ઢળતી અવસ્થાને અનુરુપ વાતાવરણ ઉભું કરવામાં આવે છે.

મા-બાપ પોતાના સંતાનો પ્રત્યેની નૈતિક જવાબદારી અદા કરવામાં કદાપી ઉણાં ઉતરતા નથી જયારે મા-બાપની સેવા ચાકરી કરવા સમયે આવા સંતાનો વૃધ્ધાશ્રમના દરવાજા બતાવે છે. બિમારી, અશકિતભરી અવસ્થામાં સંતાનો પોતાનું કર્તવ્ય ભુલી જાય છે ત્યારે ગાંધીનગરના મગોડી ગામમાં 'રાહેલબા વૃધ્ધાશ્રમ' આવા વરિષ્ઠોની વ્હારે આવ્યો છે. આ વૃધ્ધાશ્રમમાં વડીલો, વૃધ્ધોને આશ્રય આપવો, સેવા કરવી, સુશ્રુષા કરવી, નિયમિત સાત્વિક ભોજન, બિમાર હોય તેના માટે આરોગ્યલક્ષી સારવાર, રહેવા માટે સુખ સવિધા ભર્યું આવાસ તથા વડીલોને જેમાં આનંદ આવે તે પ્રમાણે ભકિત તથા મનોરંજન ભર્યો માહોલ ઉભો કરવો જેવી પ્રવૃત્તિ કરે છે જે કારણે પંથકમાં 'રાહેલબા વૃધ્ધાશ્રમ'ની સેવાની મહેંક ચો-તરફ પ્રસરી છે.





સંસ્થામાં હાલ ૪૦ વરિષ્ઠજનોની સુશ્રુષા થઈ રહી છે. ૫૦ થી ૯૩ વર્ષના વડીલોના હસતા ચહેરા સંચાલિકા નિર્મળાબેન ઝાલાની અથાક મહેનત અને સેવાના ભેખના આભારી બન્યા છે. જેમાં વૃધ્ધો-વડીલો આ સંચાલિકામાં દિકરીના દર્શન કરી ધન્ય બને છે. સંસ્થાની આ શ્રેષ્ઠ સેવાકીય પ્રવૃત્તિથી પ્રેરાઈને મુલાકાતે આવતા લોકો યથા શકિત દાન આપી પોતાની પુષ્પની પાંખડી સમી આહુતી આપતા જાય છે. વધુમાં કેટલાક પરિવારજનો પોતાના ઘરના સભ્યના જન્મદિવસે, લગ્નદિવસે કે સુખ દુ:ખના પ્રસંગોએ આ આશ્રમની મુલાકાત લઈ વડીલો વચ્ચે પ્રસંગો ઉજવે છે. વૃધ્ધાશ્રમની સુવાસ થકી સંસ્કારી લોકો પણ વડીલો સાથે સમય વિતાવી જઈ તેમને હુંફ પુરા પાડી રહ્યા છે. છતાં પણ આ વૃધ્ધો-વડીલો ના જીવનમાં કંઈ ખુટતું હોય તેનો વસવસો રહ્યા કરે છે.

## ચિરવિદાય

● સ્વ. પ્રતાપરાય જયશંકર ત્રિવેદી, ઉ.વ. ૮૦

● સ્વ. અતુલસિંહ ભિખુસિંહ રાઠોડ, ઉ.વ. ૪૦